॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | કારતક વદ : ૦૮ | બુધવાર | તા.: ૧૬.૧૧.૨૦૨૨ | SDP No. : 937 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

મહિલા સંઘ નાં દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા સંગઠન ની રચના

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ નાં રજત જયંતિ વર્ષ ની ઉજવણી નિમિતે મહિલા સંઘ ના પ્રમુખ શકિત જશોદાબેન નાકરાણી અને તેમની સમગ્ર ટીમને સુંદર માળખું અને વ્યવસ્થા મજબૂત થાય, જેમ કેન્દ્રીય શ્રીસમાજ માં ઝોન અને ખંડ વ્યવસ્થા, યુવાસંઘ માં કાઉન્સિલ અને રીજીયન ની વ્યવસ્થા છે. આના અનુસંધાને મહિલા સંઘ દ્વારા ભારત ના દરેક ઝોન માં મહિલા સંઘ ની સ્થાપના કરવામાં આવે છે.

જેમાં DMG મહિલા સંઘ "શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા મહિલા સંઘ" (DMG Mahila Sangh) તરીકે ઓળખવામાં આવશે એમ ઝોન સમાજ ના પ્રમુખશ્રી પુરુષોત્તમભાઈ રૂડાણી દ્વારા તારીખ 11/11/2022 ના ઝોન અને રીજીયન ની ઝૂમ વેબીનરમાં મહિલાઓ સાથે ચર્ચા કરીને સર્વાનુમત્તે DMG મહિલા સંઘ ની જાહેરાત કરવામાં આવેલ છે

DMG મહિલા સંઘના પ્રથમ કારોબારી આ પ્રમાણે છે.

પ્રમુખ - શક્તિ પ્રેમિલાબેન વિશ્રામભાઇ રૂડાણી - રાજાપુર
ઉપપ્રમુખ - શક્તિ વિણાબેન મોહનભાઇ દીવાણી - ઇચલકરંજી
મહામંત્રી - શક્તિ ભાવનાબેન ધીરજભાઈ લીંબાણી - કોલ્હાપુર
સહમંત્રી - શક્તિ રસીલાબેન નરેશભાઈ પોકાર - રત્નાગીરી
ખજાનચી - શક્તિ છાયાબેન રવિભાઈ ધોળુ - મડગાંવ
સહખજાનચી - શક્તિ વિજયાબેન પ્રકાશભાઈ પોકાર - મિરજ

કારોબારી સભ્ય શક્તિ

DMG મહિલા સંઘ મહામંત્રી શક્તિ ભાવનાબેન લીંબાણી - કોલ્હાપુર

DMG મહિલા સંઘ પ્રમુખ શકિત પ્રેમીલાબેન રૂડાણી - રાજાપુર

ઉર્મિલાબેન દેવજીભાઈ નાકરાણી - સાંગલી
જયશ્રીબેન દિનેશભાઇ સાંખલા - કરાડ
ગીતાબેન મહેશભાઈ વાગડીયા - કોલ્હાપુર
જ્યોતિબેન લીજેશભાઈ જાદવાણી - ઈશ્વરપુર
ચેતનાબેન વિનોદભાઈ ગોરાણી - મહાડ

આ નામ ની જાહેરાત કરવામાં આવેલ છે. DMG મહિલા સંઘ ની ટીમ પૂર્ણ શૌર્ય સંસ્કાર સદભાવના અને પૂર્ણ શિક્ષણ સાથે સમાજ ના સનાતની અભિગમને તેમજ કોઈ પણ આયોજન પૂર્ણપણે કાબિલિયતથી અને ચૈતન્ય સ્ફૂર્તિ ઉત્સાહ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિ સાથે શ્રેષ્ઠ સમાજ નું નિર્માણ કરવામાં કદમ સાથે કદમ મિલાવવા કટિબદ્ધ બનશે.

આમ એમ કહી સકાય કે ઝોન સમાજના કાઉન્સિલ યુવાસંઘ નાં તેમ શકિતપીઠ મહિલા સંઘ નાં ની રચના કરવામાં આવી રહી છે.

નામકકલ યુવાઓ દ્વારા આધ્યાત્મિક યાત્રા

નામક્કલ યુવા મંડળ દ્વારા તા: ૬/૧૧/૨૨ ના નામક્કલ સમાજ ના વડીલો ને તિરુવનામલઈ અરુણાચલેશ્વર મંદિર ની યાત્રા કરાવેલ હતી. બહોળી સંખ્યામાં વડીલોએ ખૂબ ઉત્સાહ થી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ ઉમદા કાર્યક્રમ ને સાકાર કરનાર નામક્કલ યુવા મંડળ ને ટીમ દક્ષિણ ભારત રીજીયન ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

રામસેતુ કાઉન્સિલ-
દક્ષિણ ભારત રીજીયન- ભરત ડિવિઝન
(રીના પોકાર PDO સેન્ટ્રલ)

સંદીપ નાયક, (સુરત ચોર્યાસી) ધારાસભ્ય (બીજેપી) નાં ઉમેદવાર તરીકે ફોર્મ ભરવાનો અનેરો ઉત્સાહ

સુરત માં ચોર્યાસી વિધાન સભા નાં ઉમેદવાર જેઓ સુરત જિલ્લા ભાજપ સંગઠનનાં પ્રમુખ છે, સુરત જિલ્લા કો.ઑ.બેક નાં વાઇસ ચેરમેન અને APMC નાં પણ ચેરમન છે. જેઓ યુવા અવસ્થા એ જ ભારતીય જનતા પાર્ટી નાં પાયાના કાર્યકર છે.

જેમની ધરસભ્ય તરીકે ઉમેદવારી ફોર્મ જમાં કરવા માટે સુરત જિલ્લા વુડ બેઝ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન નાં પ્રમુખ વિનોદ માકાણી અને અનેક યુવા ક્કપા સમાજ ના અનેક કાર્યકરો જોડાયા હતા. ખાસ હોજીવાલા અને સચિન ઇન્ડસ્ટ્રીઝ માં અનેક આપણાં સાહસિક યુવાઓ ની ફેકટરી આવી છે તેઓ જ્યાં વિજય પોતાનું કર્તવ્ય છે એવા સંદીપ દેસાઈ ગ્રામ્ય વિસ્તાર કનસાડ નાં કિસાન પુત્ર છે. તેઓ નો કચ્છ પ્રત્યે નો લગાવ પણ ખુબજ ઉમદા છે અને અનેક સ્નેહી મિત્રો સાથે કચ્છ માં આવાગમન એમનું સતત રહે છે.. એમનું જીતવું એ માત્ર સહજ છે. ચોર્યાસી મત વિસ્તાર ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર અને સુરત નો નવો ઓદ્યોગિક વિસ્તાર નવસારી અનેં સુરત વચ્ચે નાં ગામડાઓ ખાસ મતદાર હોય છે. આ સીટ પર પહેલાં ઝંખનાબેન રાજા પટેલ એમના પિતા રાજા પટેલ નાં અવસાન બાદ ચૂંટાયા હતા.

સંદીપભાઈ નાયક એમની સતત પક્ષ પ્રત્યે ની વફાદારી અને વડીલો ની કરેલી માંન સનમાન સાથે નો વ્યવહાર એમને સહુ થી પ્રિય બનાવ્યા છે..

ગત ૧૪ નવેમ્બર નાં રોજ તેમનું ફોર્મ ભરવા જવા માટે અનેક મતદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વરંગલ (તેલંગણા) માં બાળ દિવસ અને મિશન અભિમન્યુ કાર્યક્રમ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ, વરંગલ દ્વારા બાળ દિવસ નિમિત્તે રમત-ગમત કાર્યક્રમ ગત રવિવાર તા.૧૩ નવેમ્બર ના રોજ શ્રી ગુજરાતી સમાજ ના આંગણે કરવામાં આવેલ.

જેમાં નાના બાળકો થી લઈને વડીલો પણ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ રમત-ગમત કાર્યક્રમ માં એક મિનિટસ ની રમતો, મેમોરી ગેમ્સ અને કોમ્યુંનીકેશન સ્કીલડેવલપમેન્ટ વાળી વિવિધ પ્રકારની રમત સાથે ગમત કાર્યક્રમ માં વડીલોએ પણ ભાગ લીધો હતો.

બાળકો બહુજ આનંદ ઉઠાવેલ હતો.

અંતમા આ કાર્યક્રમ મિશન અભિમન્યુ કાર્યક્રમ માં રૂપાંતર કરવામાં આવેલ.

પાછલા ચાર સપ્તાહ અગાઉ મિશન અભિમન્યુ ની શુભ શુરૂઆત કરવામાં આવી હતી, એમાં પણ દર રવિવારે બાળકો ઉત્સાહ સાથે ભાગ લઈ સફળ બનાવી રહેલ છે.

સંકલન :
નિલેશ શશીકાંત લીંબાણી (વરંગલ)

મિશન અભિમન્યુ - નામકકલ માં પ્રારંભ

ભરત ડિવિઝન- નામક્કલ યુવા મંડળ દ્વારા તા: ૧૩.૧૧.૨૦૨૨ ના રોજ મિશન અભિમન્યુ અંતર્ગત બાળ સંસ્કાર કેન્દ્ર ની શુભ શરૂઆત કરવામાં આવી હતી. બાળકો ની સાથે સાથે વડીલો પણ આ કાર્યક્રમમાં હાજર રહી આ બાળ સંસ્કાર અભિયાન ને સફળ બનાવ્યું હતું.

ટીમ દક્ષિણ ભારત રીજીયન.
પ્રવકતા

શ્રી પાટીદાર યુવતી મંડળ - શહાડ (કલ્યાણ)

તા - ૧૪/૧૧/૨૦૨૨ ને સોમવાર નાં દિવસે બપોર પછી પાટીદાર ભવન - શહાડ ખાતે દીકરી વિદાય (brite ro be) નો પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં સર્વ પ્રથમ યુવતી મંડળ ના મંત્રી જીનલ બેન જાદવાણી એ આવેલ સર્વે બહેનો નું શાબ્દિક સ્વાગત કરેલ.

ત્યારબાદ આ વર્ષે પરણીને વિદાય થનાર સમાજ ની બે દીકરીઓ ૧) હિરલ જગદીશ જાદવાણી ૨) જીગીષા સુનિલ નાકરાણી ને યુવતી મંડળ ના પ્રમુખ ભાવના બેન જાદવાણી* એ slash અને crown પહેરાવી ને વિષેશ સન્માન કર્યું હતું અને બંને દીકરીઓ ને પોતાના પરિવાર અને પોતાની સખીઓ સાથે રમત ગમત રમાડી હતી.

અને સાથે સાથે સમાજ ની દરેક મહિલા અને દીકરીઓ ને પણ રમત રમી ને આનંદ કરાવ્યો હતો. ત્યારબાદ ખુલ્લા મંચ માં સમાજ ની માતાઓ તેમજ બહેનોએ પોતાના વિચારો રૂપી આશીર્વચન આપ્યા હતા સાથે બંને બહેનો હિરલ અને જીગીશા પોતાના જીવન નો અને સમાજ સાથે નો અનુભવ વ્યક્ત કરેલ.

આ પ્રોગ્રામ માં સહભાગી થવા બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. આભાર વિધિ યુવતી મંડળ ના પ્રમુખ ભાવનાબેન જાદવાણી એ કરી હતી. છેલ્લે નાસ્તા ની મોજ માણી ને સૌ વિખુટા પડેલ.

સંકલન: હરેશ અબજી શાંખલા
- શહાડ (કલ્યાણ)

શિરોળ તાલુકા સમાજમાં બાલ સંસ્કાર કેન્દ્ર નું શુભારંભ કરેલ

શિરોળ તાલુકા પાટીદાર યુવા મંડળ દ્વારા સામાજિક અને આધ્યાત્મિક થીમ અંતર્ગત બાળ સંસ્કાર કેન્દ્ર ગત રવિવાર તા. ૧૩-૧૧-૨૦૨૨ વિક્રમ સવંત ૨૦૭૯ - કાર્તિક વદ પાંચમ ના રોજ સામાજિક અને આધ્યાત્મિક થીમ અંતર્ગત બાલ સંસ્કાર કેન્દ્ર નુ પ્રારંભ કરવામા આવેલ.

શ્રી શિરોળ તાલુકા પાટીદાર સનાતન યુવાસંઘ, મહિલાસંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કન્વીનરઓ તેમજ બાલ સંસ્કાર કેન્દ્રના સંચાલિકાઓ એ દિપ પ્રગટાવી બાળ સંસ્કાર કેન્દ્રનું શુભારંભ કરવામાં આવેલ. આ બાલ સંસ્કાર કેન્દ્ર માં બાળકોને આરતી - શ્લોક અને ભક્તી ગીત ને કંઠસ્થ કરવામાં આવેલ હતાં.

શ્રી શિરોળ તાલુકા પાટીદાર સનાતન યુવાસંઘ, મહિલાસંઘ તેમજ "Education & Talent Hunt" "Social & Spiritual" Team દ્વારા આ આયોજન ને સફળ બનાવવા નું કાર્ય સતત કરવામાં આવશે.

આજ ને સુધારવા આવતી કાલ ને સંસ્કૃતિ સાથે અને સંસ્કાર સાથે જોડવા આ ખૂબ અગત્ય નું કાર્ય છે. આ કાર્ય ને યુવાસંઘ મિશન અભિમન્યુ તરીકે પણ પ્રોજેક્ટ નું કાર્ય કરે છે. વાત એકજ છે સંસ્કાર ની વિટામિન ની ચોકલેટ માં ઉપર નાં રેપર માં બદલવા છે..

હેતુ અને મેજમેન્ટ એકજ છે..

નટરાજ ડિવિઝન- પોંડિચેરી યુવા મંડળ

બાળકો પાસે પૂજન અને કીર્તન કરાવતા ગુરુ મેન્ટર્

તા: ૧૩.૧૧.૨૦૨૨ ના રોજ મિશન અભિમન્યુ અંતર્ગત બાળ સંસ્કાર કેન્દ્ર ની શુભ શરૂઆત કરવામાં આવી હતી. બાળકો ની સાથે સાથે વડીલો પણ આ કાર્યક્રમમાં હાજર રહી આ બાળ સંસ્કાર અભિયાન ને સફળ બનાવ્યું હતું.

ટીમ દક્ષિણ ભારત રીજીયન.
રામસેતુ કાઉન્સિલ યુવાસંઘ.

સંગમેશ્વર દેવરૂખ તાલુકા પાટીદાર સમાજ વાર્ષિક સભા

"રસોઈ ની મહારાની" પાક કલા નૂ આયોજન

તાલુકા સંગઠન નું 16 મું વાર્ષિક અધિવેશન પ્રમુખશ્રી રતિલાલ વાલજી લીંબાણી ના અધ્યક્ષ સ્થાને થી તા. 6-11-2022 ના દેવરૂખ મુકામે આયોજન કરવામાં આવેલ. જેમાં

તાલુકા સમાજ, તાલુકા યુવાસંઘ, તાલુકા મહિલા મંડળ

આ ત્રણે પાંખો ની વાર્ષિક સામાન્ય સભા સંપન્ન થયેલ.

જેમાં મહિલાઓ માટે રસોઈ ની મહારાણી આ પાક કલા સ્પર્ધા તેમજ બાળકો માટે શિક્ષણ અને પ્રતિભાશોધ (Education & Talent Hunt) થીમ અંતર્ગત આધ્યાત્મિક પ્રશ્નોતરી સ્પર્ધા યોજવામાં આવેલ હતી.

તેજસ્વી વિધાર્થીઓનું સરસ્વતી સન્માન કરવામાં આવેલ.

તાલુકાના સર્વે સમાજ જનો સાથે મળીને ઉત્સાહ અને ઉમંગ થી અધિવેશન નો આનંદ મળેલ.

(વિનોદ પોકાર -ખેડ)

શ્રી સંગમેશ્વર દેવરુખ તાલુકા પાટીદાર યુવાસંઘ આયોજિત

DMG રીજિયન ના સૌથી અગત્યની થીમ શિક્ષણ અને પ્રતિભા શોધ અંતર્ગત સંગમેશ્વર- દેવરૂખ તાલુકા યુવા મંડળ ના નેજા હેઠળ તા.૦૬/૧૧/૨૦૨૨ રવિવાર ના રોજ શાનદાર પ્રશ્નોત્તરી (quiz competition) નું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં નાના ફુલકાઓ, યુવક-યુવતીઓ તેમજ સમાજના સદસ્યોએ સ્પર્ધા મા સહભાગી થઈ કાર્યક્રમની શોભા વધારેલ.

જ્ઞાન સાથે ગંમત નું સુંદર આયોજન એજ્યુકેશન થીમ કન્વીનર કું.સેજલબેન સુરેશભાઈ છાભૈયા દ્વારા થયેલ જેનો સૌ સમાજ જનોએ ભરપૂર લાભ લીધેલ .

અધ્યક્ષ સ્થાને થી રતીલાલ લીંબાણી નું ઉદબોધન

દક્ષિણ કર્ણાટક ની ઘટક સમાજો મા બાળ સંસ્કાર કેન્દ્રો ની શુભ શરૂઆત

દક્ષિણ કર્ણાટક ઝોન સમાજ ની અંતર્ગત આવતી ઘટક સમાજો મા ગત શનિવારે તથા રવિવારે દક્ષિણ કર્ણાટક રીજીયન ના સામાજિક તથા આધ્યાત્મિક હાલનાં કન્વીનર એવાં પુનિતાબેન હસમુખભાઇ રામાણી બેંગ્લોર ના તથા દરેક ઘટક સમાજો ની મહિલા મંડળ ના સહિયારા પ્રયાસો થી ૧૩ ઘટક સમાજો મા તથા નાની સમાજો મા ઓનલાઈન થી મિશન અભિમન્યુ અંતર્ગત બાળ સંસ્કાર કેન્દ્રો ની શુભ શરૂઆત કરવામાં આવી હતી જેમાં બાળકો ને ૐ ના નાદ થી શ્લોકો તથા વાર્તાઓ તથા રમત ગમતો થી સંસ્કારો આપવાની શરૂ કરી હતી અને આ પ્રયાસો દર અઠવાડિયે કરવામાં આવશે એવી મહિલા મંડળો પ્રયત્ન કરશે અને માતા તરીકે તથા પ્રથમ ગુરૂ નું ઉત્તરદાયિત્વ નિભાવશે. જેમણે આ પ્રોગ્રામો ની શરૂઆત કરી છે તે દરેક મહિલા મંડળો ને ઝોન સમાજ તથા રીજીયન થી પૂરો સહયોગ મળી રહેશે તેવું આશ્વાસન આપ્યું છે અને ધન્યવાદ સાથે અભિનંદન પાઠવ્યા હતાં અને અન્ય સમાજો મા શરૂઆત નથી થઈ ત્યા વહેલી તકે શરૂઆત થાય તેવી અપેક્ષા રાખે છે. જે ઘટક સમાજો મા મહિલા મંડળ દ્વારા શરૂઆત થઈ તે સમાજો મા લાલબાગ, મૈસૂર રોડ, પિન્યા, ચેલંહકા, તુમકુર, દોઢબાલાપુર, ઈન્દીરાનગર, દાવનગિરિ, મંડયા, તુંગભદ્રા, મૈસુર સીટી, નેલમંગલા, હરિહર આમ ૧૩ સમાજો મા જાતે પ્રયાસો કર્યા હતા અને અન્ય એરિયા તથા નાની સમાજો મા ઓન લાઇન શરૂઆત કરવામાં આવી હતી.

સંયોજક-
વસંતભાઈ ગોરાણી ઉડપી

*શ્રીમદ્ દેવી ભાગવત કથા, માં ઉમિયા ધામ , નાગપુર પંચમ દિવસ.

શ્રીમદ્ દેવી ભાગવત કથા ની પંચમ દિવસની મંગલ યાત્રાનો શુભારંભ વક્તા શ્રી જીજ્ઞેશ દાદા ના મુખારવિંદ થી દેવી સ્તુતિ અને માતાના ભજન ના જ્ઞાન ગંગા માં આવાહન સાથે ભક્તિમય વાતાવરણ માં થયો હતો.

અંબા - સુદર્શન વરદાન , સમગ્ર જગત નો જીવાત્મા જેની ઉપાસના કરે છે તેવી પરંબા ,જગદંબા , જગત જનની માં અંબા ની કાશી નગરી માં પ્રાગટ્ય ની કથા , દેવી ભાગવત માં વ્યાસ મુનિ દ્વારા આલેખાયેલ નવરાત્રિ દરમિયાન કરવામાં આવતા માં દુર્ગા ના જપ, તપ ,યજ્ઞ ,અર્ચન ,પૂજા, વ્રત ઉપાસના , પાઠ નું વિશેષ વર્ણન , મહત્વ , વિધિ વિધાન સાથે કરવાનું વિશેષ કથન અને જાણકારી આપેલ હતી. સાથે નવરાત્રિ નું વૈજ્ઞાનિક દૃષ્ટિએ મહત્વ, સાથે યજ્ઞ માં આપવામાં આવતી આહુતિ અને હોમ વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું.

દેવી ભાગવતમાં 33 કરોડ દેવો માં ગૌમાતા ભગવતીની સેવા સર્વ શ્રેષ્ટ સેવા છે અને તેનું મહાત્મ્ય નું વર્ણન કર્યું હતું.

અદિતિ-કશ્યપનો શ્રાપ, નારાયણની તપસ્યા, ઇન્દ્ર દ્વારા અપ્સરા-પ્રેષણ, ઉર્વશી આદિનું સર્જન, દેવ-દાનવ-સંગ્રામ, મંત્રપ્રાપ્તિ માટે શુકાચાર્ય દ્વારા શિવોપાસના, દૈત્યોને શુકનો શ્રાપ, વિષ્ણુના અવતારો, પૃથ્વી દ્વારા બ્રહ્માની શરણાગતિ, શ્રીકૃષ્ણચરિત્ર અને પરાશક્તિનો મહિમા વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યા હતા.

વિશ્વામિત્ર ની કથા , પરીક્ષિત રાજા શ્રાપ, સુશીલા - બ્રહ્મણ ની કથા , માયા બીજ મંત્ર, માં મહેશ્વરી વિશે, શ્રીરામચરિતમાનસ ની કથા, રામાયણ ગ્રંથ વિષે વિસ્તૃત વર્ણન કથન કર્યું હતું. પંચમ દિવસ ની કથા ના વિરામ માં શંખનાદ ના નાદ સાથે વક્તા શ્રી જીજ્ઞેશ દાદા ના સુમધુર વાણી થી પૂરા જોશ ને હર્ષોલ્લાસ થી આધ્યાત્મિકતા ના ભક્તિમય વાતાવરણ માં ભજન અને જયઘોષ સાથે ભગવાન શ્રી કૃષ્ણ નો જન્મોત્સવ ની કથા નો આરંભ કર્યો હતો અને શ્રી કૃષ્ણ જન્મોત્સવ ની ઝાંખીઓ સાથે કથા મંડપ રમણીય વાતાવરણ થી જુમી ઉઠિયું હતું, ગોકલિયું ધામ બની ગયું હતું.

સમયનો સદુપયોગ, જીવન માં ધૈર્ય ,ધીરજ રાખવાથી સફળતા મળે, સમુદ્ર સ્નાન શ્રેષ્ઠ સ્નાન, સંતાન આપણું જ અનુકરણ કરે છે, જેવું કરો તેવું ભરો, સત્કર્મ જેવા વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

સુવિખ્યાત ટીવી કલાકાર દુર્ગેશ પાઠક સંચાલિત જામજોધપુર , ગુજરાતની બાલ કન્યાઓ દ્વારા ભાવમય, અદ્ભુત નાટય પ્રસ્તુતિ માં - બાપને ભૂલશો નહીં કાર્યક્રમ નું આયોજન કરેલ હતું. ખાસ આ કાર્યક્રમ માં યુવાન પેઢી ની ઉપસ્થિતિ બહોળી સંખ્યામાં હતી . ભાવાત્મક વાતાવરણ માં માતૃ - પિતૃ પૂજન, તેમનું જીવનમાં વિશિષ્ટ મહત્વ અને તેમનો આદર સત્કાર જેવા વિવિધ પ્રસંગો ખુબ જ સરસ રીતે નાટય પ્રસ્તુતિ દ્વારા સર્વે જ્ઞાતિજનો એ મગ્ન થઈને આ કાર્યક્રમને નિહાળ્યો હતો. આ કાર્યક્રમ માં જે ભંડોળ એકઠું થયું હતું તે ગૌશાળા માં ગૌમાતા ના લાભાર્થે અર્પણ કરવામાં આવ્યું હતું.

જ્યોતિ રાજેશ સેંધાણી
સામાજિક અને આધ્યાત્મિક સમિતિ.
વિદર્ભ રીજીયન.

National Press Day નિમિતે તમામ આ ગ્રુપ માં સભ્યો ને શુભામનાઓ...

એક સ્વતંત્ર અને મુક્ત પ્રેસ મજબૂત લોકશાહીના ચાર સ્તંભોમાંથી એક છે. ભારતમાં મુક્ત અને સ્વતંત્ર પ્રેસના મહત્વને ઉજાગર કરવા માટે, દર વર્ષે 16મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રેસ દિવસ ઉજવવામાં આવે છે . પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક મુક્ત કાર્ય કરતી સંસ્થા છે. ભારતને લોકશાહી બનાવવામાં તેના યોગદાનને માન આપવા માટે પ્રેસ ડે ઉજવવામાં આવે છે. જ્યારે મીડિયા લોકશાહી રાષ્ટ્રના સ્તંભોમાંના એક તરીકે કામ કરે છે, ત્યારે વિવિધ મીડિયા ગૃહો (પ્રિન્ટ અને બ્રોડકાસ્ટ)માં કામ કરતા પત્રકારો અરીસા તરીકે કામ કરે છે, જેના અહેવાલો અને વાર્તાઓ સમાજના વિવિધ પાસાઓને પ્રતિબિંબિત કરે છે, જેમ કે તેઓ છે અને સંપૂર્ણ સત્યતા સાથે. 16મી નવેમ્બર પ્રેસની સ્વતંત્રતા, ફરજો અને નાગરિકો પ્રત્યેની જવાબદારીઓનું વહન કરે છે.

Happy Press Day

ભારતના મહત્વના કૃત્રિમ તળાવો

અવસાન નોધ

કચ્છ ન્યૂઝ

સ્વ. બિપીનકુમાર શિવદાસ રવાણી
ઉંમર 43 વર્ષ | 15/11/2022
કચ્છમાં : મોટી ખોંભડી
હાલે : મદ્દર - મંડયા (કર્ણાટકા)

સ્વ. વેલા બેન શિવગણ રૂડાણી
ઉંમર 84 વર્ષ | 14/11/2022
કચ્છમાં : નાના અંગીયા
હાલે : રાયપુર (છતીશગઢ)

સ્વ. કેશવલાલ મેઘજીભાઈ પોકાર
ઉંમર 65 વર્ષ | 11/11/2022
કચ્છમાં - ધાવડા | હાલે:- બાલાઘાટ (MP)

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205